## વડીલોને વંદન
## અભિનંદન



નિરંજનાબેન વરિઆ
(૧૯૪૬) ફોન : ૨૩૨૨૬૩૧૭



નીતાબેન વિજયચંદ્ર ભટ્ટ
(૧૯૫૮) ફોન : ૨૩૨૧૩૩૫૦

# વડાપ્રધાન બની નરેન્દ્ર મોદી સોમાભાઈના ખેતરે ગોગા બાપાના દર્શન કરવા જશે ?

## સે. ૨ના નિવૃત્ત આચાર્ય સોમાભાઈ પટેલે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તે માટે રાખેલી બાધા પુરી કરવા મુખ્યમંત્રીને પત્ર લખી આગ્રહ કર્યો છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સેક્ટર-૨-બીમાં રહેતા મૂળ બેચરાજી તાલુકાના જેતપુર ગામના વતની અને નિવૃત્ત આચાર્ય સોમાભાઈ પટેલે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તે માટે તેમના ગામે ખેતરમાં આવેલ ગોગા મહારાજની બાધા રાખી છે. આ બાધા પુરી કરવા તેમણે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બન્યા પછી એકવાર આ મંદિરે દર્શન કરવા આવવા વિનંતી પત્ર લખીને કરી છે.

નિવૃત્ત આચાર્ય સોમાભાઈ નાગરભાઈ પટેલે તેમણે લખેલા પત્રમાં નરેન્દ્ર મોદીને સો ટકા કર્તવ્યનિષ્ઠ જણાવી ખૂબ પ્રસંશા કરી છે. તેમણે નરેન્દ્ર મોદીને પ્રગતિ માટે ગતિ કરનાર, પરિવર્તન માટે વર્તન કરનાર અને પ્રવચન કરવા માટે વચન પાળનાર ગણાવ્યા છે. તેમજ દેશને આગળ લઈ જવા 'થ્રી એચ' એટલે કે હેડ, હાર્ડ અને હેન્ડના સમન્વયની ફોર્મ્યુલાનું પણ સૂચન કરવામાં આવ્યું છે. સોમાભાઈ પટેલે નરેન્દ્ર મોદી પાસે ત્રણ સ્ત્રી એવી છે જે માનવીને સફળતા અપાવે છે તે છે જનની, પત્નિ અને દેવી. મા સંસ્કાર દ્વારા, પત્નિ ત્યાગ દ્વારા અને દેવી આશિર્વાદ દ્વારા નરેન્દ્ર મોદીની સફળતામાં ભાગ ભજવી રહ્યા છે. આ ઉપરાંત 'વ' અક્ષરનું પણ મુખ્યમંત્રીના હાલના તબક્કે ખૂબ મહત્વ હોવાનું જણાવતા વડનગર, વડોદરા અને વારાણસી સાથે 'વિજય' જોડીને તેમને વાણી, વર્તન અને વિચારથી શ્રેષ્ઠ ગણાવ્યા છે.

આમ નરેન્દ્ર મોદીને તેમણે જો વડાપ્રધાન બને તો તેમની બાધા પુરી કરવા બેચરાજી તાલુકાના જેતપુર ગામની સીમમાં આવેલ ખેતરમાં સ્થિત ગોગા મહારાજના મંદિરે એકવાર આવી દર્શન કરવા આગ્રહ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે સોમાભાઈ પટેલ નિવૃતિ બાદ સ્વાધ્યાયકાર્ય અને વ્યસનમુક્તિ અભિયાન ચલાવી રહ્યા છે. હવે જોવાનું એ રહે છે કે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનીને સોમાભાઈના ખેતરે દર્શન કરવા જશે કે કેમ ?



**મોદી ભક્તને પારણા :** પી.એમ.પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તે માટે કર્ણાટકના એક શિક્ષિકે સે. ૨૪ સ્થિત અંબાજી મંદિર પાસે ધરણા ધર્યા હતા. રામાનાગોડા પાટીલ નામના આ શિક્ષકને આજે શહેર ભાજપના અગ્રણીઓએ મોદીજી વડાપ્રધાનપદ નિશ્ચિત હોવાનું જણાવી પારણા કરાવ્યા હતા. આ તબક્કે શહેર ભાજપના અધ્યક્ષ નીતિનભાઈ પટેલ, કાર્યકારી સમિતિના ચેરમેન આશિષ દવે, મહામંત્રી મહેશસિંહ રામોલ, નાઝાભાઈ ગાંગર સહીતના અગ્રણીઓએ તેમને ઉપવાસ તોડાવી પારણા કરાવ્યા હતા.

## ભગવાન બુદ્ધના આદર્શો આત્મસાત કરવા પ્રતિબદ્ધ રહીએ નરેન્દ્રભાઈ મોદી

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બુદ્ધ પૂર્ણિમાના પર્વે ભગવાન બુદ્ધના શાશ્વત મૂલ્યો સદીઓ સુધી માનવજાતને પ્રેરણા આપતા રહેશે તેવી કૃતજ્ઞતા પોતાના ટ્વીટર ઉપર વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ભગવાન ગૌતમ બુદ્ધને વંદન કરતા તેમના ટ્વીટર ઉપર જણાવ્યું છે કે, બુદ્ધના વિશ્વશાંતિ-અહિંસા અને માનવજાતની નિષ્કામ સેવાના આદર્શોને આત્મસાત કરવા આપણે સૌ પ્રતિબદ્ધ બનીએ.

## શહેરમાં મજુરી કરી પેટીયુ રળતા પાંચ શ્રમજીવીના મોબાઈલ ચોરાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર કેપીટલની સાથે-સાથે ક્રાઈમ કેપીટલનો દરજ્જો પણ મેળવી લેશે તેવુ લાગી રહ્યું છે. જાણો કે આ સુંદર અને શાંત નગરને નજર લાગી ગઈ હોય તેમ ક્રાઈમના કિસ્સા ઘટવાની જગ્યાએ વધી રહ્યા છે. અમીરોની સાથે સાથે ગરીબોને પણ તસ્કરો દ્વારા નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ગત રાત્રીએ સે. ૬ પૂટપાથ પર નિંદર માણતા પાંચ શ્રમજીવીના અજાણ્યા તસ્કરો મોબાઈલ ચોરી ગયા છે.

ગાંધીનગરમાં પોતાનુ પેટીયુ રળવા અનેક શ્રમજીવીઓ આવતા હોય છે. આ શ્રમજીવીઓ દિવસ દરમિયાન કામ કરીને થાકી પાકીને સૂઈ જતા હોય છે. ત્યારે ઘ-૩ થી ઘ-૨ સેક્ટર-૬ની ફૂટપાથ પર પોતાના બિસ્તરા સાથે ઉપર આકાશ અને નીચે ધરતીની ગોદમાં ઉનાળાની મીઠી નિંદર માણી રહેલા પાંચ શ્રમજીવીઓના ગત મોડી રાત્રે અજાણ્યા તસ્કરો મોબાઈલ ચોરી જવાની ઘટના બનવા પામી છે.

પહેલા તો તસ્કરો દ્વારા અમીરોના મકાનને નિશાન બનાવાતા હતા. હવે તો ગરીબ અને મજુરી કરીને જીવન નિર્વાહ કરતા મજુરોને નિશાન બનાવતા આવા મજૂરો પણ સુરક્ષિત નથી તે ખરેખર દુ:ખદ બાબત છે. ત્યારે સવાલ એ પણ ઉભો થાય છે કે પેટ્રોલીંગના નામે પેટ્રોલ બાળતી પોલીસ શુ કરે છે ?



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર શહેરના આબુ હાઈવે પર સર્કીટ હાઉસ સામે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકની ટક્કરે આશાસ્પદ બાઈકચાલક યુવાનનું અરેરાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતને પગલે લોકોના ટોળેટોળાં ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા.

# મોડાસામાં ફૂટપાથ પર થયેલા દબાણો હટાવવા રજૂઆત

## નગરની સંસ્થાઓ દ્વારા માર્ગ અને મકાન વિભાગના અધિકારીને આવેદનપત્ર અપાયું

મુલોજ, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મોડાસામાં લાખ્ખો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલ ફૂટપાથ ઉપરના દબાણો ખુલ્લા કરાવવા અને ટેકરા જેવા બમ્પને યોગ્ય બનાવવાની માંગ સાથે આવેદનપત્ર મંગળવારે નગરની જુદી જુદી સંસ્થાઓ દ્વારા સંલગ્ન વિભાગને અપાયું હતું.

મોડાસા જિલ્લા મથક હોવાથી દરરોજ અસંખ્ય લોકોની અવર-જવર રહે છે. નગરના માર્ગો પર ગેરકાયદેસર વાહન ચાલકો વાહન પાર્ક કરે છે. જ્યારે રાહદારીઓની સલામતીભરી અવર-જવર માટે બનાવેલ ફૂટપાથ ઉપર કેટલાક વેપારીઓ લારીઓ ગલ્લા, પાથરણા અને ખાનગી જીપ, છકડા અને રીક્ષાઓવાળાઓએ કબજો જમાવી દીધો છે. આથી નગરજનો શાળાએ જતાં વિદ્યાર્થીઓને કે જિલ્લામાંથી આવતા પ્રજાજનોને મજબુરીવંશ માર્ગ પર જીવના જોખમે ચાલવું પડે છે. જ્યારે નગર માર્ગો પર ઠેર ઠેર મોટા ટેકરા જેવા બમ્પ બનાવી દેવામાં આવ્યા છે અને તેની ઉપર કોઈ પણ પ્રકારના સફેદ પટ્ટા નથી મારવામાં આવ્યા. આથી વાહનચાલકોને અકસ્માત નડે છે.ઊંચા ટેકરા જેવા બમ્પને નિયમ મુજબ બનાવવા અને માર્ગોના ફૂટપાથ પર અડ્ડો જમાવી બેઠેલા વેપારીઓ સામે માર્ગ મકાન વિભાગ અને દબાણ વિભાગ કાર્યવાહી કરવામાં આવે તેવુંઆવેદનપત્ર નગરની જુદી જુદી સંસ્થાઓ દ્વારા સંબંધિત વિભાગને આપ્યું છે અને વિભાગ દ્વારા નક્કર કાર્યવાહી હાથ ધરવામાં નહી આવે તો આંદોલન છેડવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

# ગુજરાતના વિવિધ ભાગોમાં તોફાની પવનની સાથે ઝાપટા

## અમદાવાદ જિલ્લાના ધોળકા તેમજ ધંધુકા ખાતે વરસાદી ઝાપટા : શિંહોર, ખેડા અને આણંદમાં ધૂળ ભરેલી આંધી

અમદાવાદ, તા.૧૪

ગુજરાતના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદી ઝાપટાનો દોર આજે પણ જારી રહ્યો હતો. ધોળકા, ધંધુકા સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટા થયા હતા. કેટલીક જગ્યાઓએ આંધી પણ ચાલી હતી. અમદાવાદ જિલ્લાના ધોળકા અને ધંધુકામાં વરસાદી છાંટા પડ્યા હતા. ભાવનગર જિલ્લામાં શિહોર, મધ્યગુજરાતમાં ખેડા અને આણંદમાં પણ પ્રચંડ સાથે ધૂળ ભરેલી આંધી ચાલી હતી. કેટલીક જગ્યાએ દિવસ દરમિયાન વરસાદી છાંટા પડ્યા હતા. અમદાવાદ શહેરમાં પણ તીવ્ર ગરમી વચ્ચે લોકો મુશ્કેલીનો અનુભવ કરી રહ્યા છે. તાપમાન ઉતારચઢાવની સ્થિતિ હોવા છતાં તીવ્ર ગરમી લોકો અનુભવી રહ્યા છે. ઓફિસો અને ઘરમાં મોડીરાત સુધી પંખા અને એસી સતત ચાલી રહ્યા છે. બીજી બાજુ પ્રદૂષિત પાણીની ફરિયાદો પણ વ્યાપક રીતે ઉઠી છે. સાબરમતી વિસ્તારોમાં લોકો પ્રદૂષિત પાણીને લઈને ફરિયાદમાં આગળ આવ્યા છે. શિહોર, મધ્યગુજરાતના ખેડા અને આણંદમાં પ્રચંડ પવન સાથે આંધીની સ્થિતિ જોવા મળી છે. ગુજરાતના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદી ઝાપટાથી હવામાનમાં ફેરફારની સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગે અમદાવાદમાં પણ વરસાદી ઝાપટાની આગાહી કરી છે. આજે અમદાવાદમાં તાપમાન ૩૮ ડિગ્રી રહ્યું હતું.

# રાજ્યમાં આ વર્ષે ચોમાસુ વહેલુ બેસે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૧૪

બંગાળની ખાડીમાં ચોમાસાની સ્થિતિ સર્જાતા આ વખતે વહેલી ચોમાસુ બેસે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બંગાળની ખાડીમાં ચોમાસાની સિસ્ટમ સર્જાવા પામી છે અને આગામી ૧૭મી મે સુધીમાં આંદામાન તરફ આગળ વધે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જેને લઈને આ વખતે રાજ્યમાં ચોમાસુ વહેલુ બેસે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

બીજી તરફ રાજ્યમાં આજે ત્રીજા દિવસે પણ કેટલાક વિસ્તારોમાં હવામાનમાં પલટો આવવા પામ્યો છે. ભર ઉનાળામાં રાજ્યના રાજકોટ અને અમરેલી જિલ્લામાં આસપાસના વિસ્તારોમાં ઠંડા પવન સાથે ભારે વરસાદ થવા પામ્યો હતો.

# સોહરાબુદ્દીન અને તુલસીરામ એન્કાઉન્ટર કેસ ધીમા ચાલશે

## બંને કેસ મુંબઈની અદાલતમાં ખસેડાઈ ચુક્યા છે : હવે ગુજરાતી દસ્તાવેજોનુ અંગ્રેજી ભાષામાં અનુવાદ થશે

અમદાવાદ, તા.૧૪

ગુજરાત પોલીસ બેડા પર કલંક લગાડનાર સોહરાબુદ્દીન અને તુલસી પ્રજાપતિ નકલી એન્કાઉન્ટર કેસ સંયુક્ત રીતે મુંબઈની અદાલતમાં ટ્રાન્સફર તો થયા પરંતુ કેસની ટ્રાયલ નજીકના ભવિષ્યમાં ચાલે તેવી શક્યતા ખૂબ ઓછી દેખાઈ રહી છે કેમ કે સુત્રોની જાણકારી અનુસાર કેસની ચાર્જશીટ તથા અન્ય દસ્તાવેજો ગુજરાતીમાં છે. તેથી તેને અંગ્રેજીમાં ભાષાંતર કરીને કોર્ટ સમક્ષ મુકવામાં જ છ મહિનાનો સમય નીકળી જશે.

એકબીજા સાથે સંલગ્ન સોહરાબુદ્દીન અને તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટર કેસમાં નવ વર્ષ વિત્યા છતાં કેસની ટ્રાયલ શરૂ થઈ નથી તેમજ મોટાભાગના આરોપીઓ કાયદાની છટકબારીનો લાભ લઈને જામીન પર મુક્ત થઈ ચુક્યા છે. કેસની ટ્રાયલ શરૂ થવામાં હજુ લાંબો સમય લાગે અને જે આરોપીઓ જેલમાં બંધ છે તે પણ જામીન પર મુક્ત થઈ જાય તેવી પુરેપુરી શક્યતા છે. આધારભૂત સુત્રોની માહિતી અનુસાર બંને કેસોના તમામ દસ્તાવેજો મુંબઈ કોર્ટ ખાતે મોકલી આપવામાં આવ્યા છે. તેથી કેસમાં બીજી કોઈ કાનુની કાર્યવાહી બાકી નથી. હાલ કેસની ટ્રાયલ માટે રાહ જોવાઈ રહી છે. પરંતુ નજીકના ભવિષ્યમાં કેસની ટ્રાયલ ચાલે તેવી કોઈ અણસાર દેખાતા નથી. કેમ કે કેસની ચાર્જશીટ તથા અન્ય દસ્તાવેજો ગુજરાતીમાં છે. મોટી સંખ્યામાં દસ્તાવેજોનું અંગ્રેજીમાં ભાષાંતર કરીને કોર્ટ સમક્ષ મુકવું પડે તેમ છે. ભાષાંતર કરવામાં જ અંદાજે છ મહિનાથી વધુ સમય પસાર થાય તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત-રાજસ્થાન પોલીસે સંયુક્તતામાં ઓપરેશન કરી ૨૬ નવેમ્બર ૨૦૦૫ના રોજ રાજસ્થાનના ગેગસ્ટર સોહરાબુદ્દીન શેખનું એન્કાઉન્ટર કર્યું હતું અને વર્ષ ૨૦૦૬માં સોહરાબુદ્દીન શેખના સાક્ષી તુલસીરામ પ્રજાપતિનું એન્કાઉન્ટર ઠંડા કલેજે હત્યા હતી. બન્ને કેસમાં તપાસને લઈને હમેંશા ચર્ચા રહી છે.

## શબ્દાવલી - ૫૩૯૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ■ | ૮ | | ૯ | ■ | ૧૦ | | |
| ■ | ૧૧ | | | ■ | ■ | | ■ |
| ૧૨ | ■ | ■ | ૧૩ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ |
| ૧૭ | | | ■ | ૧૮ | | ૧૯ | |
| | ■ | ■ | ૨૦ | | | | |
| ૨૧ | ૨૨ | | ■ | ૨૩ | | | |
| ૨૪ | | ■ | ૨૫ | | | ■ | |

### આડી ચાવી

૧. શિકાર (૩)
૪. આરતી (૪)
૮. તલબ, લત (૩)
૧૦. તલવાર, એક પ્રકારની ચુડી (૩)
૧૧. ગ્રામ્ય, ગ્રામીણ (૩)
૧૩. સત્યવાનની પત્ની સતિ... (૩)
૧૭. આડખીલી, નડતર, ... કાઢી નાખવું (૩)
૧૮. શ્વાસવાહિની (૪)
૨૦. દહીં વલોવી કરાતુ પ્રવાહી (૨)
૨૧. ગંગા નદીનું મૂળ (૪)
૨૩. સીડી, દાદરો (૪)
૨૪. અપશબ્દ (૨)
૨૫. દુ:ખ-ત્રાસ કે અફસોસનો શબ્દ (૨)

### ઊભી ચાવી

૧. આકાશમાં ઉડનારું અથવા કામ કરવાની દાનત ના હોય તેવું (૩)
૩. ધારા, સેર (૩)
૫. રખ્યા (૨)
૬. જડજેવા (૩)
૭. સાપ (૨)
૯. એક જાતનું બળતણ (૩)
૧૨. આકાશમાં રાત્રે દેખાતો નિહારિકાઓનો વિશાળ પટ્ટો(૫)
૧૪. વિશ્વાસ મુકી શકાય તેવું(૫)
૧૫. ૨૯ પછી.... આવે (૨)
૧૬. વચમાં કાણા રહે તેવી ગુંથણી કે તેવી વસ્તુ (૨)
૧૯. તિરસ્કાર, ધૃણા (૪)
૨૨. શેરડીના રસને ઉકાળીને બનાવાતું એક ખાદ્ય (૨)

### શબ્દાવલી ૫૩૯૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) કુરૂપ (૪) દેહધારી (૭) રૂપાળી (૮) વસ (૯) રળવુ (૧૦) ત્રણ (૧૧) ચણા (૧૨) માણ (૧૩) મામ (૧૪) શુભાશુભ (૧૫) ચિત્કાર (૧૭) કામ (૧૮) શરમ (૧૯) કદ (૨૦) ણફે

**ઊભી ચાવી :-** (૧) કુરૂક્ષેત્ર (૨) રૂપા (૩) પળી (૪) દેવળ (૫) હસવુ (૬) રીસામણા (૯) રમણભમણ (૧૧) ચમત્કાર (૧૨) માશુકા (૧૩) માચિશ (૧૪) શુલ્લક (૧૬) રમત

# ધારાશાસ્ત્રીને ઝડપી લેવા માટેની ઝુંબેશ શરૂ કરાઈ

અમદાવાદ, તા.૧૪

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સને ૧૯૯૧માં ગુજરાત એડવોકેટ વલ્ફેર ફંડ એક્ટ અનુસાર ગુજરાતના ધારાશાસ્ત્રીઓના કુટુંબ કલ્યાણ માટે મૃત્યુ સહાય યોજના બનાવવામાં આવેલ છે અને જે અનુસાર વર્તમાન સમયમાં ગુજરાતના કોઈપણ ધારાશાસ્ત્રનું અવસાન થયા ત્યારબાદ તેના વારસદારોને રૂપિયા ત્રણ લાખ ચુકવવામાં આવે છે. વર્તમાન સમયમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ધારાશાસ્ત્રીઓ માટેની વેલ્ફેર ફંડની સ્કીમમાં ફંડની સ્કીમમાં આશરે ૪૫,૦૦૦ જેટલા સભ્યો નોંધાયેલા છે અને તેમાં ૩૫૦૦ જેટલા નોટરીઓ પણ ધારાશાસ્ત્રી હોવાને કારણે સભ્યપદ મેળવેલ છે. ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ એક્ટ, ૧૯૯૧ની કલમ-૧૬ અનુસાર ગુજરાતની કોઈપણ અદાલત કે ટ્રિબ્યુનલમાં કે જ્યાં પુરાવાઓ લેવામાં આવતો હોય ત્યાં પ્રેક્ટીસ કરતાં ધારાશાસ્ત્રીઓ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતે માન્ય કરેલા કોઈપણ એસોસીએશનનું સભ્યપદ મેળવી વેલ્ફેર ફંડના સભ્ય બની શકે છે. વર્તમાન સમયમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના અંદાજ અનુસાર આજના સમયમાં રૂા. ૩,૦૦,૦૦૦ + ૪૫,૦૦૦ = રૂા. ૧૩,૫૦,૦૦,૦૦૦ જેટલી રકમ ચુકવવાની જવાબદારી છે અને તે જ રીતે આશરે રૂપિયા એકસો પાંચ કરોડ જેટલી રકમ નોટરીઓને ચુકવવાની બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની જવાબદારી છે.

### સ્પષ્ટ બહુમતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ભાજપના નેતાઓની મળેલી આ બેઠકમાં જો એન.ડી.એને બહુમતી ન મળે અને અન્ય પક્ષોનો ટેકો લેવો પડે તો તેવા સમયે કયા કયા પક્ષનો ટેકો લેવો કોને મંત્રીમંડળમાં સ્થાન આપવું જોડાણ માટેની શુ શરતો રાખવી આ તમામ બાબતો અંગે પણ ચર્ચા વિચારણા કરીને રણનિતી ઘડી કાઢવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તો ગુજરાતમાં તેમના ઉત્તરાધિકારી કોણ બનશે તે પ્રશ્ન અંગે રાજનાથસિંહે જણાવ્યું હતું કે ગુજરાતના નવા મુખ્યમંત્રીના નામની જલ્દી જાહેરાત કરાશે.

### ભૂમિકા મુદ્દે વિવાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાનપુર બેઠક આપી મનાવી લેવાયા હતા.

આ બન્ને નેતાઓ શ્રી નરેન્દ્ર મોદીથી સીનીયર છે અને તેથી તેઓ મોદી મંત્રીમંડળમાં સામેલ થવા સંમત થશે કે કેમ તે પ્રશ્ન છે. અને આજે આ મુદ્દે ચર્ચા કરવા ભાજપના ત્રણ વરિષ્ઠ નેતા પક્ષ પ્રમુખ શ્રી રાજનાથસિંઘ પૂર્વ પ્રમુખશ્રી નીતિન ગડકરી અને પક્ષના સીનીયર નેતા શ્રી અરૂણ જેટલી ગાંધીનગર આવી રહ્યા છે. સુત્રોના જણાવ્યા મુજબ શ્રી નીતિન ગડકરીએ આ મુદ્દે શ્રી અડવાણી અને શ્રી જોશી સાથે અલગ અલગથી ચર્ચા કરી જ હતી. અને તેમની તેઓ શુ ભુમિકા ઈચ્છે છે તે જાણવા પ્રયાસ કર્યો હતો. હવે આ મુદ્દે કોઈ નિર્ણય લેવા પક્ષના ત્રણ વરિષ્ઠ નેતાઓ આજે ગાંધીનગર મોદીને મળવા આવી રહ્યા છે. આ નિર્ણયમાં આરએસએસની ભુમિકા ખુબ જ મહત્વની બની રહેશે. સંઘના વડા શ્રી મોહન ભાગવતે અગાઉ જ ભાજપમાં ૭૫ વર્ષની ઉંમરના નેતાઓ ફક્ત માર્ગદર્શકની ભૂમિકા ભજવે તેવું મંતવ્ય વ્યક્ત કરાયું હતું. શ્રી મોહન ભાગવત હાલ દિલ્હીમાં જ પડાવ નાંખીને બેઠા છે અને ગુરૂવારે પરીણામ બાદ પણ તેઓ સરકાર રચવાના મુદ્દે ભાજપમાં નિર્ણાયક ભુમિકા ભજવશે. સુત્રોના જણાવ્યા મુજબ આજની બેઠકમાં મોદી અડવાણી-જેટલી-ગડકરી આ બન્ને સીનીયર નેતાને કઈ કામગીરી સોંપવી તે નિશ્ચિત કરશે અને તે જણાવાવની જવાબદારી આરએસએસ વડા મોહન ભાગવત પર નાંખી દેશે. શ્રી ગડકરી રવિવારે જ ગાંધીનગરમાં શ્રી મોદીને મળ્યા હતા અને આ મુદ્દે ચર્ચા કરી હતી. બાદમાં તેઓ દિલ્હીમાં શ્રી અડવાણી તથા શ્રી મુરલી મનોહર જોશીને મળ્યા હતા. અને તેમનું મન જાણવા કોશીશ કરી હતી. શ્રી મોદી અને શ્રી રાજનાથે દિલ્હીમાં આરએસએસના વડા શ્રી મોહન ભાગવત સાથેની મુલાકાત બાદ તેઓને સરકારની શપથવિધિ યોજાઈ ન જાય ત્યાં સુધી દિલ્હીમાં જ રહેવા વિનંતી કરી હતી. શ્રી ભાગવતે તેમના ચાર સીનીયર સાથીદારોને પણ દિલ્હી બોલાવી લીધા છે અને તેઓ સરકાર રચનામાં ભાજપમાં થનારા સખળડખળની ચિંતા કરશે.

### આકર્ષણ જમાવશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘ-૪ થી ચ-૪ વિસ્તારમાં વિવિધ પ્લાઝા ઉપરાંત વોટર બોડી અને આકર્ષક પ્લાન્ટેશન કરવામાં આવનાર છે. આ વિસ્તારમાંથી બન્ને રસ્તાઓ અને ઉદ્યાન દૂર કરાયા બાદ હાલ વોટરબોડીનું નિર્માણ કરવા પ્રાથમિક કામગીરી શરૂ કરી દેવાઈ છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર આંબેડકરના સ્ટેચ્યુ નજીક વોટર બોડીનું નિર્માણ કરવામાં આવશે. વૈવિધ્યસભર પ્લાન્ટેશનની સાથે એમ.ફી. થિયેટર પણ બનાવાશે. વોટરબોડીને અનુલક્ષી ખોદકામ શરૂ કરી દેવાયું છે. આ ઉપરાંત ટુંકમાં જ વોટરબોડીની ડિઝાઈન પણ આખરી થઈ જશે. વોટરબોડીનું આકર્ષણ વધારવા ટાઉનહોલ ઉપરાંત કલરફુલ લાઈટીંગ તેમજ રંગબેરંગી પ્લાન્ટેશન પણ કરવામાં આવશે.

### સટ્ટો લગાવ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એક્ઝીટ પોલ આવ્યા બાદ સટ્ટાબજારમાં જોરદાર હલચલ જોવા મળી રહી છે. દિલ્હીમાં કોની સરકાર બનશે એ બાબત ઉપર ૧૦૦ કરોડનો સટ્ટો લાગ્યો છે. બુકીઓએ સૌથી વધુ ભરોસો ભાજપ ઉપર મુક્યો છે.

સટોડિયાઓનું માનીએ તો ૫૦ કરોડનો સટ્ટો ભાજપના નેતૃત્વમાં એનડીએની સરકાર બનવા ઉપર લાગ્યો છે. જ્યારે કોંગ્રેસના નેતૃત્વવાળા યુપીએ ગઢબંધન ઉપર ૪૫ કરોડ દાવ ઉપર લાગ્યા છે.

મોદીના વિજય ઉપર પણ પાંચ કરોડનો સટ્ટો લાગ્યો છે. વારાણસીમાં મોદીનો વિજય ૧ લાખ કે તેથી વધુ મતોથી થશે એ બાબત ઉપર પણ સટ્ટો લાગ્યો છે. વારાણસીથી કોણ જીતશે એ બાબત ઉપર મતદાન પહેલા ૧૫૦ કરોડનો સટ્ટો લાગ્યો હતો. સટ્ટાબજારમાં છેલ્લા ભાવ જોઈએ તો એનડીએ સરકાર માટે ૭૫ પૈસા પર ૧ રૂપિયો, યુપીએ સરકાર માટે ૧ રૂપિયા પર દોઢ રૂપિયો, ભાજપને યુપીમાં ૪૫ બેઠકો પર ૧ ના દોઢ રૂપિયો.

### પાવર સેન્ટર બન્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવ્યું હતું. ભાજપના આ ત્રણેય રાષ્ટ્રીય આગેવાનો નરેન્દ્ર મોદી સાથે બેઠક યોજી રાત્રે નવી દિલ્હી પરત ફર્યા હતા. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંગ, નીતિન ગડકરી અને અરૂણ જેટલી આજે બપોરે અમદાવાદ હવાઈ મથકે આવી પહોંચ્યા ત્યારે ભાજપના પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ, પ્રવક્તા વિજય રૂપાણી સહિત આગેવાનો તથા કાર્યકરોએ તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. હવાઈ મથકેથી આ ત્રણેય નેતાઓ સીધા ગાંધીનગર મુખ્યમંત્રીના નિવાસસ્થાને હંકારી ગયા હતા. અમદાવાદ હવાઈ મથકે પત્રકારો સાથે અનૌપચારિક વાતચીત કરતા પક્ષ પ્રમુક રાજનાથસિંગે જણાવ્યું હતું કે આ દેશના આગામી વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ બનશે તે હવે સ્પષ્ટ થઈ ગયું છે. ચૂંટણી પરીણામો જોતાં એનડીએ પૂરતી બહુમતી મળશે અને કોઈના શરતી સમર્થનની જરૂર પડશે નહીં. ભાજપમાં વરિષ્ઠ નેતા અડવાણી વિશે પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં રાજનાથે જણાવ્યું હતું કે તેઓ પક્ષના તમામ વરિષ્ઠ નેતાઓ સાથે બેસીને ચર્ચા કરશે અને અડવાણીનું માનસન્માન જળવાઈ રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. તેમણે એમ પણ જણાવ્યું હતુ કે કેન્દ્રમાં જ્યારે ભાજપની આગેવાનીમાં એનડીએની સરકાર બની રહી છે ત્યારે નવી સરકારની રચનાના સંદર્ભમાં નરેન્દ્ર મોદી સાથે ચર્ચાવિચારણા કરવા અમે ગાંધીનગર આવ્યા છીએ. અહીં કેટલીક મહત્વની ચર્ચાઓ થયા બાદ તા. ૧૬મીએ સાંજે નવી દિલ્હી ખાતે નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં મળનારી ભાજપની કેન્દ્રિય પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં આ ચર્ચાઓને ધ્યાનમાં રાખી મહત્વના નિર્ણયો લેવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે આજે ગાંધીનગર આવતા પહેલા ભાજપના ત્રણેય વરિષ્ઠ આગેવાનો લોકસભા વિરોધપક્ષના નેતા અને ભાજપના મહિલા આગેવાન સુષ્મા સ્વરાજના નિવાસસ્થાને તેમને મળવા ગયા હતા જ્યાં સુષ્મા સ્વરાજે સન્માનજનક પદની માંગણી કરી હોવાની ચર્ચા વ્યક્ત થઈ છે જો કે સુષ્મા સ્વરાજની તેમના રાજકીય કદ અનુસાર મહત્વની જવાબદારી સોંપવામાં આવશે તેવી આ નેતાઓએ ખાત્રી આપી હતી અને સુષ્મા સ્વરાજને ગાંધીનગર આવવાનો પણ આગ્રહ કર્યો હતો પરંતુ સુષ્મા સ્વરાજએ ગાંધીનગર આવવાનું ટાળી ભોપાલ જવા રવાના થઈ ગયા હતા. દરમ્યાન નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બને ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી પદે કોની પસંદગી થશે તે અંગે પણ ભાજપમાં ભારે ગરમાગરમ ચર્ચાઓ અને અટકળો થઈ રહી છે. જો કે આ પદ માટે આનંદીબેન પટેલનું નામ સૌથી મોખરે છે. અને તા. ૧૬મીએ મળનારી ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ગુજરાતનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેમ પણ સુત્રોએ જણાવ્યું હતું.